# રાજકોટના હીરાસર ઇન્ટરનેશનલ એરપોર્ટમાં એક વર્ષમાં ૧૧.૭૨ લાખ મુસાફરોનું આવાગમન

## વર્ષ દરમિયાન ૨૧૩૧૬ વિમાનની અવરજવર સાથે કાર્ગો હેન્ડલિંગમાં પણ નોંધપાત્ર વધારો

રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેકટ એવા રાજકોટના હીરાસર ખાતે નિર્માણ પામેલા ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરુ થયા બાદ રાજકોટ-સૌરાષ્ટ્રના આર્થિક વિકાસને નવી દિશા મળી છે. રાજકોટ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપરથી વર્ષ ૨૦૨૫માં ૧૧,૭૨,૧૪૧ મુસાફરોએ મુસાફરી કરી હોવાના આંકડા મળ્યા છે.




એરપોર્ટના ઓપરેશનલ ડેટા પર નજર કરીએ તો વર્ષ ૨૦૨૫માં કુલ ૮૫૦૩ ફ્લાઈટનું આવા ગમન થયું જેમાં પેસેન્જર ટ્રાફિકની સંખ્યા ૧૧,૭૨,૧૪૧ સુધી પહોંચી ગઈ છે. જેમાં ડોમેસ્ટિક શિડ્યુલ્ડ ફ્લાઈટ્સ દ્વારા મુસાફરી કરનારા મુસાફરો સૌથી વધુ છે. આંકડાઓ દર્શાવે છે કે કુલ ૫,૯૯,૦૩૭ મુસાફરોએ એરપોર્ટ પર ઉતરાણ કર્યું હતું, જ્યારે ૫,૭૩,૧૦૪ મુસાફરોએ અહીંથી અન્ય શહેરો તરફ ઉડાન ભરી મુસાફરી કરી છે. ખાસ કરીને શિડ્યુલ્ડ ફ્લાઈટ્સમાં ૧૧,૬૩,૦૯૪ મુસાફરોની અવરજવર નોંધાઈ છે, જે આ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટની વધતી જતી લોકપ્રિયતા અને મહત્વને સ્પષ્ટ કરે છે. આ સિવાય નોન-શિડ્યુલ્ડ ફ્લાઈટ્સ દ્વારા પણ ૮,૮૧૭ જેટલા મુસાફરોએ મુસાફરી કરી હોવાનું જાણવા મળ્યું છે.હીરાસર ખાતે નિર્માણ પામેલા ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરુ થયા બાદ મુસાફરોની સંખ્યા અને ફ્લાઈટની ફ્રિકવન્સીમાં પણ વધારો થયો છે. જેના થી રાજકોટ જ નહીં સૌરાષ્ટ્રવાસીઓને વધુ સુવિધા મળી છે. રાજકોટના જુના એરપોર્ટ બંધ થયું ત્યારના આંકડા ઉપર નજર કરીએ જુના એરપોર્ટ ઉપર ૧૩ વર્ષમાં ૪૮.૫૬ લાખ લોકોની મુસાફરી કરી હોય ત્યારે હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર એક વર્ષમાં ૧૧.૭૨ લાખ મુસાફરોએ કરેલી મુસાફરીના આંકડા ઉપર થી સ્પષ્ટ થાય છે કે, હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરૂ થયા બાદ રાજકોટ અને સૌરાષ્ટ્રવાસીઓની હવાઈ મુસાફરીમાં વધારો થયો છે.

રાજકોટના હીરાસર સ્થિત નવનિર્મિત ઈન્ટરનેશનલ એરપોર્ટ હવે સૌરાષ્ટ્રના વિકાસનું નવું પ્રવેશદ્વાર સાબિત થઈ રહ્યું છે. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, રાજકોટ હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મુસાફરો અને કાર્ગોની અવરજવરમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે. આ એરપોર્ટ માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તાર માટે હવાઈ કનેક્ટિવિટીનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે, જેની અસર પ્રાદેશિક વેપાર અને પર્યટન પર પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. વિમાનની અવરજવરના કિસ્સામાં પણ હીરાસર એરપોર્ટ સતત ધમધમતું રહ્યું છે.એરપોર્ટ પર કુલ એરક્રાફ્ટ મૂવમેન્ટની સંખ્યા ૨૧,૩૧૬ નોંધાઈ છે. આમાં ૭,૧૯૦ જેટલી ડોમેસ્ટિક શિડ્યુલ્ડ ફ્લાઈટ્સની અવરજવર સામેલ છે, જેમાં આગમન અને પ્રસ્થાન બંને સમાન રીતે ૩,૫૯૫ ફ્લાઈટ્સના સ્તરે રહ્યા છે. આ ઉપરાંત, એરપોર્ટનો ઉપયોગ તાલીમ અને સંરક્ષણ હેતુઓ માટે પણ થઈ રહ્યો છે. આંકડાઓ અનુસાર, ૮૪૩ ટ્રેનિંગ ફ્લાઈટ્સ અને ૨૦ ડિફેન્સ મૂવમેન્ટ્સ પણ નોંધાઈ છે. વધુમાં, એરપોર્ટ પરથી પસાર થતી ઓવરફ્લાઈંગ મૂવમેન્ટ્સની સંખ્યા ૧૧,૬૭૯ જેટલી રહેવા પામી છે, જે આ હવાઈ ક્ષેત્રની વ્યસ્તતા સૂચવે છે.મુસાફરોની વધતી સંખ્યા અને માલસામાનની હેરફેરમાં થયેલો વધારો એ વાતની સાબિતી છે કે રાજકોટ હવે વૈશ્વિક નકશા પર એક મજબૂત પરિવહન કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. આ વિકાસથી રોજગારીની તકો વધશે અને સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગને નવી ઊંચાઈઓ મળશે.

# અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ: શહેર વિસ્તારમાં હવે દીપડાના આંટાફેરાથી ભયનું લખલખુ પ્રસરી જવા પામેલ

મિલાપ રૂપારેલ અમરેલી

અમરેલી



જિલ્લામાં ગીર વિસ્તાર આવતો હોય જેને લઈ અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહ પરિવારનો વસવાટ હોય જેને લઈ આ સિંહ વન વિસ્તાર છોડી માનવ વસ્તી આજુબાજુ પણ હવે વસવાટ કરી રહયાં છે. ત્યારે અમરેલી શહેર વિસ્તારમાં હવે દીપડાના આંટાફેરા વધી જતાં અને દીપડાના આંટાફેરા અંગેના મેસેજ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં શહેરીજનોમાં ભયનું લખલખુ પ્રસરી જવા પામેલ છે.અમરેલી શહેરના ક્રીમ વિસ્તાર ગણાતાં ચિતલ રોડ ઉપર થોડા દિવસ પહેલાં અમરેલીના એરપોર્ટમાં રાત્રીનાં સમયે દીપડો હોવા અંગેનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયોમાં દીપડો દીવાલ ઠેકીને ભાગતો જોવા મળ્યો હતો.

ત્યારે અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ ગણેશ સોસાયટીમાં રવિવારે મોડી રાત્રીનાં એક રહેણાંક મકાનમાં દીપડાએ દેખા દીધી હતી. ત્યારે વાહન નીકળતાં આ દીપડો ભાગીને નજીકમાં જ આવેલી પોસ્ટલ સોસાયટીમાં ઘુસી ગયો હતો. અને ત્યાં તેમણે શ્વાનનો શિકાર કર્યા હોવાનું તથા ત્યાં જ નજીકમાં આવેલ અખાડા આજુબાજુ પણ દીપડાએ દેખા દીધી હોવાંનું લોકો જણાવી રહયાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમરેલી શહેરમાં છેલ્લા ઘણા જ સમયથી છાશવારે દીપડાના આંટાફેરા થતાં હોવાં અંગેના સમાચાર મળી રહયાં છે. ત્યારે અમરેલી શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસનાં દીપડા અંગેના સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા સમાચારથી શહેરીજનોમાં ભય પ્રસરી જવાં પામેલ છે. અમરેલીમાં દીપડાના આંટાફેરા થતાં હોય ત્યારે કોઈ બાળક વૃધ્ધ અથવા કોઈ પશુને નુકશાન પહોંચાડે તે પહેલાં જ આવા વન્ય પ્રાણીઓને તાત્કાલિક પીંજરે પુરાવા વન વિભાગ કાર્યવાહી કરે તેવી પણ માંગ ઉભી થવા પામેલ છે.

# બાબરાની કોટડાપીઠા જિલ્લા પંચાયત બેઠકની વિકાસ સમીક્ષા બેઠક લાઠી ખાતે યોજાઈ

બાબરા

લાઠી ખાતે આજે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા બાબરા તાલુકાની કોટડાપીઠા જિલ્લા પંચાયત સીટની વ્યાપક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સીટ હેઠળ આવતા તમામ ગામોમાં ચાલી રહેલા વિકાસ કાર્યો અને પ્રસ્તાવિત વિકાસ કામોની વિસ્તૃત સમીક્ષા થઈ હતી. બેઠક દરમિયાન ગ્રામ વિકાસને વધુ વેગ મળે તે હેતુથી વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સીટના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના વિસ્તારમાં થયેલા વિકાસ કાર્યોની માહિતી આપી હતી તેમજ બાકી રહેલા કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટેના સૂચનો રજૂ કર્યા હતા. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ બેઠકમાં હાજર સરપંચો અને તલાટી-મંત્રીઓ સાથે સીધો સંવાદ કરી ગામડાના પ્રશ્નો જાણ્યા હતા અને દરેક સમસ્યાનો તાત્કાલિક તથા કાયમી ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. આ બેઠકમાં માર્ગ અને પુલના કામો, પીવાનું પાણી, ગટર અને નિકાસ વ્યવસ્થા, સ્ટ્રીટ લાઈટ, આરોગ્ય સેવાઓ, શાળા વિકાસ, સ્વચ્છતા અભિયાન, આવાસ યોજના તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ધારાસભ્યએ વિકાસ કાર્યોમાં ગુણવત્તા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે ખાસ ભાર મૂક્યો હતો અને તમામ અધિકારીઓ તથા ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓને સંકલન સાથે કાર્ય કરવા સૂચના આપી હતી. આ બેઠકમાં દરેક ગામના પ્રતિનિધિઓએ પોતાના ગામની સમસ્યાઓ, જરૂરીયાતો અને વિકાસ માટેના સૂચનો રજૂ કર્યા હતા.

# બગસરામાં મગફળી ખરીદી કૌભાંડ મામલે તપાસ એજન્સીઓ દ્વારા પ્રમુખના ખાનગી ગોડાઉનની ચકાસણી

બગસરા

બગસરામાં ટેકાના ભાવે મગફળી ખરીદીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને મગફળીની લૂંટ થતી હોવાનો કથિત વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાને પગલે બગસરા શહેરમાં વિવિધ તપાસ એજન્સીઓ દોડતી થઈ હતી. લોકચર્ચા મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલ તથા ઈડી (ઈઢ) સહિતના અધિકારીઓ તપાસ માટે આવી પહોંચ્યા હતા. કરોડોના કૌભાંડની આશંકાને લીધે તપાસ એજન્સીઓએ વહેલી સવારે બગસરામાં ધામા નાખ્યા હતા. નજરે જોનાર લોકોના જણાવ્યા અનુસાર, બગસરા વિવિધ સહકારી સેવા મંડળીના પ્રમુખના પ્રાઈવેટ ગોડાઉનની સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત એજન્સીઓ દ્વારા લોકોના નિવેદન પણ લેવાઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. એનફોર્સમેન્ટ વિભાગે પણ ખાનગી રીતે તપાસમાં ઝુકાવ્યું હોવાની ચર્ચા છે.મગફળી ખરીદીમાં ખેડૂતો પાસેથી ભ્રષ્ટાચાર સ્વરૂપે રકમ ઉઘરાવવામાં આવતી હોવાના અને વચેટિયાઓ દ્વારા માલ કાઢી ખેડૂતોને હેરાન કરવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ બાબતે જો તટસ્થ તપાસ થાય તો દલાલોના ટેકાથી ચાલતું વ્યવસ્થિત કૌભાંડ બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

### કૌભાંડના આક્ષેપો સામે ખેડૂતોનું આવેદનપત્ર

એક તરફ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે બીજી તરફ કૌભાંડના આક્ષેપો સામે બગસરા તાલુકા વિવિધ સેવા સહકારી મંડળીના સમર્થનમાં ૫૦ જેટલા ખેડૂતોએ આવેદનપત્ર પાઠવ્યું હતું. આ ખેડુતોએ આક્ષેપ કરનાર કોંગ્રેસ પ્રવક્તા પર પગલાં લેવાની માંગ કરી છે. જોકે, આ ખેડૂતો મંડળી દ્વારા જ ઉભા કરવામાં આવ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# અમરેલીમાં તા.૦૯ જાન્યુઆરીના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

## ભરતી મેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર ઓનલાઇન નોંધણી કરાવવી ફરજિયાત

અમરેલી

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર આલ્ફા ઓટોલિંક એલ.એલ.પી, અમરેલી માટે આગામી તા. ૦૯ જાન્યુઆરીના રોજ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતી મેળામાં ૨૦થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ કોઈપણ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનારા માટે ખાસ મહિલા રોજગાર ઈચ્છુકો ભાગ લઈ શકશે. અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી સવારે ૧૧.૦૦ કલાકે આલ્ફા ઓટોલીક એલ.એલ.પી, લાઠી રોડ બાયપાસ, અમરેલી ખાતે યોજાનારા આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લૉગિન કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

# બાબરામાં આરોગ્ય સુવિધાનો અભાવ, લોકો પરેશાન

## જર્જરિત હોસ્પિટલને કારણે ચેમ્બર ઓફ કોમર્સનો મુખ્યમંત્રીને પત્ર

રાજુ બસિયા બાબરા

બાબરા ચેમ્બર ઓફ કોમર્સે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી બાબરામાં આધુનિક સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) બનાવવાની માંગ કરી છે. ચેમ્બરના અધ્યક્ષ મુન્ના મલકાણે જણાવ્યું કે બાબરાની દોઢ લાખની જનતા જર્જરિત હોસ્પિટલ અને સુવિધાના અભાવે હાલાકી ભોગવી રહી રાજકોટ-ભાવનગર નેશનલ હાઈવે પર આવેલા બાબરા શહેર અને તાલુકાના ૫૯ ગામોની આરોગ્ય સ્થિતિ અત્યંત દયનીય છે. વર્ષો જૂની અને જર્જરિત હોસ્પિટલને કારણે લોકોને મુશ્કેલી પડી રહી છે.પત્રમાં જણાવ્યા મુજબ, બાબરા તાલુકાના ૫૯ ગામો અને દોઢ લાખની વસ્તી માટે આ એકમાત્ર આરોગ્ય કેન્દ્ર છે. જોકે, હાલની હોસ્પિટલની હાલત અત્યંત જર્જરિત છે અને જગ્યા પણ ખૂબ નાની છે. દરરોજ આવતા પ્રસુતિ અને ઈમરજન્સી કેસોમાં પૂરતી સુવિધાના અભાવે દર્દીઓને અન્ય શહેરોમાં રિફર કરવા પડે છે, જે ગરીબ દર્દીઓ માટે આર્થિક બોજ સમાન છે.બાબરા શહેર રાજકોટ-ભાવનગર નેશનલ હાઈવેની મધ્યમાં આવેલું હોવાથી અહીં અવારનવાર અકસ્માતો સર્જાય છે. કટોકટીની પળોમાં આધુનિક સુવિધાઓ અને સારવાર ઉપલબ્ધ ન હોવાને કારણે અનેક લોકોના જીવ બચાવી શકાતા નથી, અને દર્દીઓ રસ્તામાં જ દમ તોડી દે છે.ચેમ્બરના પ્રમુખ મુન્ના મલકાણે પત્રમાં વધુમાં જણાવ્યું કે, અગાઉ પણ મુખ્યમંત્રીને અનેકવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૩માં પણ બે વખત રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી.

# ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલની સ્કૂલમાં ટ્રેડિશનલ અને મોર્ડન સ્પર્ધા યોજાઇ



અમરેલી

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ ખાતેની બી.એન. વિરાણી માધ્યમિક, પી.આર. ધામી પ્રાથમિક અને એસ.એમ. વઘાસિયા ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં તા. ૩૧/૧૨/૨૦૨૫ના રોજ ટ્રેડિશનલ અને મોર્ડન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓમાં છુપાયેલી પ્રતિભાને ઉજાગર કરીને તેમને પ્રોત્સાહન આપવાનો હતો.

# અમરેલીના ફતેપુર ગામે યુવતી પર હુમલો: બંને પક્ષોની સામસામી ફરિયાદ

અમરેલી

અમરેલી જિલ્લાના ફતેપુર ગામમાં આંગણવાડી તેડાગર તરીકે નોકરી કરતી ધ્રુવિતાબેન જગદીશભાઈ પરમારે દયાબેન કમલેશભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, તેમની અને તેના પરિવાર સાથે આરોપી અવારનવાર બોલાચાલી અને ઝઘડો કરતા હતા. આ સતત થતી હેરાનગતિ અંગે તેમણે અગાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ બાબતની દાઝ રાખીને આરોપીએ હિંસક હુમલો કર્યો હતો.આરોપીએ તેમના માથાના તેમજ શરીરના અન્ય ભાગોએ ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો. હુમલા દરમિયાન આરોપીએ તેમના બંને હાથ પર નાખોરીયા ભરીને લોહીલુહાણ કરી ઈજા પહોંચાડી હતી. જ્યારે અન્ય એક વ્યક્તિ વચ્ચે બચાવવા પડ્યા, ત્યારે આરોપીએ તેમને પણ મૂંઢમાર મારી નાખોરીયા ભરી દીધા હતા. હુમલો કર્યા બાદ આરોપીએ તેમને અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યાર બાદ દયાબેન કમલેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૫)એ જગદીશભાઈ બચુભાઈ પરમાર, ધૃવિતાબેન, પ્રિયાબેન અને અપેક્ષાબેન સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, જગદીશભાઈ પરમારે તેમના વાડામાં જવાના રસ્તામાં ખાડો ખોદ્યો હતો. જેથી તેમણે ખાડો બુરી દેવાનું કહેતા સારું નહોતું લાગ્યું અને ઉશ્કેરાઇ જઇ ગાલ ઉપર બે જાપટો મારી પેટ ઉપર બે લાત મારી પેટમાં મુંઢ ઈજાઓ કરી હતી

# ગુજરાતમાં બનાવટી એગ્રોકેમિકલ્સ નેટવર્કનો પર્દાફાશ

## ખેડૂતો, અન્ન સુરક્ષા અને ભારતની કૃષિ અર્થતંત્ર સામે જોખમ ઊભું કરે છે

રાજકોટ



એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ સમગ્ર ગુજરાતમાં બનાવટી અને ભેળસેળયુક્ત એગ્રોકેમિકલ્સના ઉત્પાદન અને વિતરણ સાથે સંડોવાયેલા વિશાળ અને સંગઠિત નેટવર્કનો ભાંડો ફોડ્યો છે. આ નેટવર્ક ખેડૂતોની આજીવિકા, ગ્રાહક સુરક્ષા તથા ભારતના કૃષિ અર્થતંત્ર સામે ગંભીર ખતરો ઊભો કરે છે. એન્ફોર્સમેન્ટ એજન્સીઓની તાજેતરની કામગીરી રાજકોટમાં ૩૦ ડિસેમ્બરે હાથ ધરવામાં આવી હતી. ૨૦૨૫માં અમદાવાદમાં ૨૦ નવેમ્બરે, રાજકોટમાં ૧૨ ઓક્ટોબરે અને વધુ એક પગલામાં રાજકોટમાં ૧ સપ્ટેમ્બર સહિતની કરાયેલી વિવિધ એફઆઈઆર અને દરોડા પછી આ કામગીરી હાથ ધરાઈ હતી. આ પગલે પ્રતિષ્ઠિત બ્રાન્ડ્સ હોવાનું બતાવતી બનાવટી એગ્રોકેમિકલ કામગીરીઓના વધી રહેલું કદ અને તેનો પ્રસાર ધ્યાનમાં આવ્યા છે.

અનેક જપ્તીઓ અને ચાલી રહેલી તપાસ છતાં, એન્ફોર્સમેન્ટ એજન્સીઓનો અંદાજ છે કે ગેરકાયદેસર એગ્રોકેમિકલના વેપારનું પ્રમાણ રૂ. ૧,૦૦૦ કરોડથી વધુ હોઈ શકે છે. અધિકારીઓ માને છે કે આ બાબતે ઘણા ઓપરેટરો સક્રિય છે, સમગ્ર ભારતમાં એજન્ટો, વિતરકો અને રિટેલર્સના નેટવર્ક દ્વારા કાર્યરત છે અને આ નિયમનકારી દેખરેખથી બચવા માટે વ્યવહારોનો નોંધપાત્ર હિસ્સો રોકડમાં કરવામાં આવે છે. અધિકારીઓને રાજકોટ મુખ્ય કેન્દ્ર હોવાનું જાણવા મળ્યું છે, જેથી ખેડૂતોને વધુ નુકસાન થાય તે પહેલાં અસલી પ્રોડક્ટ્સ ઓળખવા અને નકલી એગ્રોકેમિકલ્સ ટાળવા માટે શિક્ષણ આપી શકાય. પાકના નુકસાન અને ખેડૂતોની તકલીફ ઉપરાંત, નકલી પ્રોડક્ટ્સ અનિયંત્રિત કેમિકલ્સથી ફૂડ ચેઈન્સ અને પાણીના સ્ત્રોતોને દૂષિત કરીને ગ્રાહક સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરે છે. આ માત્ર એક કૃષિ ક્ષેત્રનો પડકાર નથી, પરંતુ તે એક જાહેર આરોગ્ય કટોકટી છે જે ખેડૂતો, ગ્રાહકો અને ભારતના ફૂડ ઈકોસિસ્ટમની અખંડિતતાને સુરક્ષિત રાખવા માટે સંકલિત પગલાં, કડક અમલીકરણ અને વ્યાપક શિક્ષણની માંગ કરે છે.

# ગુજરાતી ફિલ્મોના રસિયાઓ માટે ૧૬મીથી 'મોજે દરિયા'

## યુવાનોના સપના કઈ રીતે પૂરા થાય છે તેને આવરી લેતી અદભૂત સ્ટોરી સાથેની ફિલ્મ થશે રીલીઝ: પડકાર, સંવેદના અને કોમેડીના ત્રિભેટે બનેલી ફિલ્મ દર્શકોને ચોક્કસ પસંદ આવશે : રાજકોટમાં પત્રકારો સાથે ફિલ્મના ડીરેક્ટર અને સ્ટારકાસ્ટની વાતચીત

રાજકોટ

હાલમાં ગુજરાતી ફિલ્મોનો સમય ચાલી રહ્યો છે અને એક એકથી ચડિયાતી ફિલ્મો આવી રહી છે ત્યારે આ બધાથી હટકે એવી ઝેન-જીને સ્પર્શતી કોમેડી પરંતુ પડકારો અને સંવેદનાથી ભરેલી ફિલ્મ 'મોજે દરિયા' આગામી તા. ૧૬ને શુક્રવારના રોજ રીલીઝ થઈ રહી છે. આ ફિલ્મના ડીરેક્ટર પેરી મજુમદાર તથા ફિલ્મની સ્ટારકાસ્ટે આજે રાજકોટમાં પત્રકારો સાથેની વાતચીતમાં આ ફિલ્મની કથા અને તેની પાછળ કલાકારોએ કરેલા સંઘર્ષની વાતો કરી હતી. આ ફિલ્મ દર્શકોને ચોક્કસ પસંદ આવશે તેવી આશા પણ તેઓએ વ્યક્ત કરી હતી. આ ફિલ્મ યશ્વી શાહ, રાકેશ ડોલી અને અક્ષયકુમાર હેડાએ પ્રોડ્યુસ કરી છે. આ ફિલ્મના કલાકારોમાં માનવ ગોહિલ, ધાર્મિક બારોટ, પ્રશાંત બારોટ, સિદ્ધાર્થ ડોલી, દર્શન લશ્કરી, સુરજ નાયક, કમલેશ ઓઝા, પ્રફુલ પંડિતા, વર્શીલ પારેખ, ખુશી પટેલ, હિતુલ પુજારા, તક્ષ શાહ, ભાવેશ શ્રીમાળી, ધ્રુવરાજસિંહ સોલંકી, નીશ્મા સોની, હિતેશ ઠક્કર, હેમીન ત્રિવેદી અને સુનીલ વિસરાની વગેરેનો સમાવેશ થાય છે.



તસવીર : દિલિપ ગોહેલ

જેમ દરેક ગામમાં કે દરેક શહેરમાં યુવાનો સાથે મળીને ક્રિકેટ રમતા હોય છે તેવી રીતે આ ફિલ્મમાં પણ કેટલાક યુવાનો બોક્સ ક્રિકેટનો આનંદ માણતા હોય છે અને પછી એક દિવસ તેમના મનમાં સપનાના વાવેતર થાય છે કે આપણે કાંઇક મોટુ એચીવ કરવું છે. કોઈને એમ વિચાર આવે કે આ કોઈ મોટીવેશનલ ફિલ્મ છે પણ જેમ જેમ વાર્તા આગળ વધતી જાય છે તેમ તેમ તેમાં હાસ્યરસ ઉમેરાતો જાય છે અને આખી ફિલ્મ કોમેડી પીરસનારી બની જાય છે.ફિલ્મના લોન્ચ થયેલા ટ્રેલર પ્રમાણે આ યુવાનો યેનકેન પ્રકારે પૈસાદાર થવા માગે છે અને આ માટે કાફે શરુ કરીને ડીલીવરી બોય બને છે.આ સમયે જ પરિવારમાં પૈસાની જરૂર પડતા ગુજરાતમાં પ્રતિબંધિત એવા શેમ્પેઇનની બોટલોની ડીલીવરી કરવાનું જોખમી કામ હાથમાં લ્યે છે. આ ડીલીવરી કરવા જતી વખતે પોલીસ આવે છે , અફડાતફડી થાય છે અને પછી આ ડીલીવરી બોય ફસાય છે તેવું દર્શાવાયું છે. આ મુસીબતમાંથી તે કેવી રીતે બહાર નીકળે છે તે જોવા માટે આ ફિલ્મ જોવી જ રહી. એકંદરે આ ફિલ્મ આજની નવી પેઢીને ચોકકસ ગમી જાય તેવી છે તેવો દાવો ફિલ્મના ડીરેક્ટરે કર્યો હતો. ઘણી વખત ફિલ્મોમાં કોઈ પાત્ર એવા હોય છે કે જે પડદા ઉપર થોડો સમય માટે જ દેખાય છે પણ દર્શકોના મનમાં ઊંડી છાપ છોડી જતા હોય છે. રાજકોટના યુવા કલાકાર હિતુલ પુજારા તેમના એક છે. તાજેતરની જ બ્લોક બસ્ટર મુવી ધુરંધરમાં અક્ષય ખન્નાના પુત્ર નઈમ બલોચનું પાત્ર ભજવનાર હિતુલ પુજારા પુષ્પા સીરીયલમાં બાદશાહનું પાત્ર પણ ભજવ્યું હતું અને ઉર્વશી રૌતેલા સહિતની અભિનેત્રીઓ સાથે એડ ફિલ્મ પણ કરી છે. હિતુલ પુજારાને સ્કુલના સમયથી જ એક્ટિંગનો શોખ હતો અને ધો. ૧૦ પછી એક્ટિંગના વર્કશોપમાં જોડાઈને અભિનયના પાઠ ભણ્યો હતો. આગળ જઈને હિતુલે વ્હીસલિંગ વુડઝ ઈંટરનેશનલમાં તાલીમ લીધી અને અભિનયનો એક્કો બન્યો.મોજે દરિયા ફિલ્મમાં હિતુલ રોહન નામના ડીલીવરી બોયનું પાત્ર ભજવે છે.